SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu
Phone : 91-02692- 226807

એકેડેમિક વિભાગ

## પરિપત્ર

**વિષય : સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રના પ્રવેશ માટે અગત્યની ખાસ સૂચના**

**સંદર્ભ : ક્રમાંકઃ કે.સી.જી./ GCAS/૨૦૨૪-૨૫/૯૩૧ તારીખઃ ૨૯/૬/૨૦૨૪**

GCAS પોર્ટલ પર હવે નીચે મુજબના સમયપત્રક મુજબ કાર્યવાહી થશે. જેની સૌ વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.

વધુમાં તા. ૨૯/૦૬/૨૦૨૪ બાદ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટેની યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રવેશ પ્રક્રિયાની તારીખો ધ્યાનમાં લેવાની રહેશે નહીં.

(**ખાસ નોંધ** : સ્નાતક અને અનુસ્નાતક પ્રવેશ પ્રક્રિયા માટે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને વિભાગો તા. ૩૦/૦૬/૨૦૨૪ને રવિવારના રોજ રાબેતા ચાલુ રાખવાના રહેશે.

૧. **તા. ૦૪/૦૭/૨૦૨૪ થી તા. ૦૬/૦૭/૨૦૨૪** સુધી **સ્નાતક કક્ષાના** પ્રોગ્રામ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

૨. **તા. ૦૧/૦૭/૨૦૨૪ થી તા. ૦૩/૦૭/૨૦૨૪** સુધી **અનુસ્નાતક કક્ષાના** પ્રોગ્રામ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીતે પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

વધુમાં વિદ્યાર્થીઓએ સ્નાતક અભ્યાસક્રમના CGPA પ્રમાણેની ટકાવારી અથવા કુલ માર્કસ પ્રમાણેની ટકાવારી દર્શાવવાની રહેશે. (GPA કે છેલ્લા સેમેસ્ટરના માર્કસ ધ્યાનમાં લેવામાં આવશે નહીં)

નોંધ : અનુસ્નાતક અભ્યાસક્રમો (M.Ed. સિવાય) માટે ફક્ત સ્નાતક અભ્યાસક્રમો (B.Ed. સિવાય)ના CGPA પ્રમાણેની ટકાવારી અથવા કુલ માર્કસ પ્રમાણેની ટકાવારી દર્શાવવાની રહેશે.

૩. GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની **પ્રોફાઇલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય વિગેરેમાં જરૂરી ફેરફાર** માટે સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.

ચાલુ . . .

૪. GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થી દ્વારા કોલેજ-યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ મેળવેલ હોય અને પોતાનો પ્રવેશ કોઇ કારણસર રદ કરાવવા ઇચ્છતા હોય તો તેઓ સંબંધિત યુનિવર્સિટી/કોલેજમાં જઇ પોતાના પ્રવેશ રદ કરાવી શકશે. આ માટે યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને જે તે યુનિવર્સિટી/કોલેજ કક્ષાએથી પ્રવેશ રદ કરી શકશે.

૫. GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થીઓ દ્વારા **બી.એડ્. પ્રોગ્રામમાં** પ્રવેશ મેળવેલ હોય પરંતુ વિદ્યાર્થી પોતાની પ્રવેશ મેળવેલ વિષય, શૈક્ષણિક વિગત વગેરેમાં જરૂરી ફેરફાર કરવા ઇચ્છતા હોય તો, તે સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.

યુનિવર્સિટી દ્વારા વિગતવાર સમયપત્રક હવે પછી યુનિવર્સિટી વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

નં. ડી/ઇ/૧૦/1725
વલ્લભ વિદ્યાનગર
તારીખ : 21/6/24

કુલસચિવ

નકલ રવાના :
૧. સર્વે કોલેજ/વિભાગ/ઇન્સ્ટીટ્યૂટ તરફ કાર્યવાહી સારૂ.
૨. પ્રમુખ/મંત્રીશ્રી સર્વે યુનિવર્સિટી સંલગ્ન સંચાલક મંડળો તરફ
૩. પ્રિ. ઉર્વી પી. દવે, ક્લસ્ટર કો-ઓર્ડિનેટર, ભાઇકાકા સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સોજીત્રા